# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-05-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : THURDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ પટેલ વાંચે છે.**

*****************************************************

1) કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, ગુજરાતે સમગ્ર વિશ્વ સમક્ષ સિંહ સંરક્ષણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડ્યું

2) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા નજીક ટેન્કર અને બસ વચ્ચેના અકસ્માતમાં ચાર લોકોનાં મોત

3) કચ્છના દરિયાકાંઠા પરથી છેલ્લા 12 દિવસમાં 70 કરોડ રૂપિયાનો માદક પદાર્થ પકડાયો

4) રાજ્યમાં આવતીકાલથી ગરમીથી આંશિક રાહત મળવાની આગાહી

5) IPL ક્રિકેટમાં, આજે મુંબઈ ઇન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BIG CAT

આંતરાષ્ટ્રીય મોટી બિલાડી ગઠબંધન સંમેલન-2026ના પૂર્વ કાર્યક્રમનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વર્ચ્યુઅલી પ્રારંભ કરાવ્યો. સાસણ ગીર ખાતે યોજાયેલા આ સિંહ સંરક્ષણ અંગેના વિશેષ કાર્યક્રમમાં

કેન્દ્રીય વન પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ, રાજ્યના વન મંત્રી અર્જુન મોઢવાડિયા સહભાગી થયા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, સિંહ સંરક્ષણને પ્રાથમિકતા અને વન વિભાગની શ્રેષ્ઠ નીતિઓના પરિણામે સિંહોની વસ્તી અને વિચરણ વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયો છે.

જ્યારે આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, ગુજરાતે સમગ્ર વિશ્વ સમક્ષ સિંહ સંરક્ષણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે ઉમેર્યું, મોટી બિલાડી સંવર્ગની 7 પ્રજાતિમાંથી 5 પ્રજાતિનું ભારતમાં અસ્તિત્વ એ દેશનું ગૌરવ છે.

(બાઇટ : ભૂપેન્દ્ર યાદવ કેન્દ્રીય મંત્રી)

# PRADHAN-IIM

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ-IIM અમદાવાદ ખાતે IIMની સંકલન મંચ બેઠકની અધ્યક્ષતા કરી.

આ બેઠકમાં IIMના બોર્ડ ઓફ ગવર્નર્સના અધ્યક્ષ, IIMના નિયામકો અને ઉચ્ચ શિક્ષણ વિભાગ તથા ગુજરાત અને ઉત્તર પ્રદેશની રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ સહિયારા હિતની બાબતો પર વિચાર-વિમર્શ કરવા અને IIM વચ્ચે સહકારને મજબૂત કરવા માટે એકઠા થયા હતા.

શ્રી પ્રધાને જણાવ્યું હતું કે બેઠકમાં વિદ્યાર્થી કલ્યાણ, સંસ્થાકીય સંકલન, શૈક્ષણિક શ્રેષ્ઠતા, નવીનતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે IIM સંસ્થાઓ રાષ્ટ્ર નિર્માણ અને આર્થિક પરિવર્તનના મજબૂત પ્રેરક તરીકે ઉભરી આવી છે, જ્યારે નેતૃત્વ અને વ્યવસ્થાપન શિક્ષણમાં શ્રેષ્ઠતાના વૈશ્વિક મોડલ પણ બની છે.

# SURENDRANAGAR ACCIDENT

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ધોરીમાર્ગ પર ટેન્કર અને બસ વચ્ચેના અકસ્માતમાં ચાર લોકોનાં મોત થયા અને દસ વ્યક્તિને ઇજા થઈ છે. ચોટીલા-રાજકોટ ધોરીમાર્ગ પર સાંગાણી ગામ પાસે રાતના સમયે ડામર ભરેલું ટેન્કર જઈ રહ્યું હતું ત્યારે ટેન્કરનું ટાયર ફાટતાં પાછળ આવતી બસ ટેન્કર સાથે અથડાઈ હતી જેને કારણે શોર્ટ સર્કિટ થતા બસમાં આગ લાગી ગઈ.

# KUTCH CHARAS

કચ્છના દરિયાકાંઠેથી ફરી એકવાર માદક પદાર્થ મળી આવ્યો છે.અબડાસા તાલુકાના ખુઅડા વિસ્તાર તેમજ સૈયદ સુલેમાનપીર ટાપુ નજીકથી માદક પદાર્થના કુલ 20 પેકેટ કબજે કરવામાં આવ્યા છે. છેલ્લા બાર દિવસથી ચાલી રહેલા સર્ચ ઓપરેશન દરમિયાન કચ્છના વિવિધ દરિયાઈ વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં કુલ અંદાજે 141 કિલો ચરસ મળી આવ્યું હોવાનું સામે આવ્યું છે, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત આશરે 70 કરોડ રૂપિયા જેટલી થાય છે.

કોઠારા પોલીસ તથા એસઓજીની ટીમ દરિયાકાંઠે પેટ્રોલિંગમાં હતી ત્યારે ખુઅડા નજીકના કિનારેથી શંકાસ્પદ હાલતમાં પડેલા 10 પેકેટ મળી આવ્યા હતા. બીજી તરફ જખૌ મરીન પોલીસ, એસઓજી અને સ્ટેટ આઈબીની ટીમ દ્વારા સૈયદ સુલેમાનપીર ટાપુ વિસ્તારમાંથી વધુ 10 પેકેટ મળી આવ્યા હતા. આ તમામ પેકેટોને કબજે કરીને ફોરેન્સિક તપાસ માટે મોકલવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

# BHAVANAGAR LOAN FRAUD

ભાવનગરની બેન્કની એક કરોડ 35 લાખ રૂપિયાની લોન ગેરરીતિમાં અગાઉ પકડાયેલી ચારેય મહિલાઓના પતિની પણ ધરપકડ કરવામાં આવી છે. નિલમબાગ સર્કલ પાસે આવેલી બેન્કમાં લઘુ ઉદ્યોગના નામે ખોટા બિલો રજૂ કરી છેતરપિંડી આચરવાના કેસમાં પોલીસે વધુ કડક કાર્યવાહી કરી છે. આ તપાસમાં મહિલાઓના પતિઓની પણ સંડોવણી ખૂલતાં આ કાર્યવાહી કરવામાં આવી બેંકમાંથી મંજૂર થયેલી ટર્મ લોન અને સીસી લોનનો ઉપયોગ વ્યવસાય માટે કરવાને બદલે અંગત કામ માટે કરી લીધો હતો અને બેંકના હપ્તા ભર્યા નહોતા.

આ ચારેય આરોપીઓને અદાલતમાં રજૂ કરાયા બાદ જિલ્લા જેલમાં મોકલાયા છે. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# DIGITAL - ARREST

ડિજિટલ અરેસ્ટના જાળમાં ફસાયેલા વૃદ્ધાને પશ્ચિમ કચ્છ સાયબર પોલીસે લાખો રૂપિયા પરત અપાવ્યા. પશ્ચિમ કચ્છમાં એક વૃદ્ધ મહિલાને ખોટા પોલીસ કેસ અને મની લોન્ડરિંગના નામે ડરાવી-ધમકાવી "ડિજિટલ અરેસ્ટ" હેઠળ રાખી લાખો રૂપિયાની ઓનલાઇન છેતરપીંડી કરવામાં આવી હતી.

આરોપીઓએ ખોટી ઓળખ આપીને વૃદ્ધાને મોબાઇલ કેમેરા સામે રહેવા માટે મજબૂર કરી. 83 લાખ 44 હજારથી વધુની રકમ ઓનલાઇન ટ્રાન્સફર કરી લીધી.

જોકે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ભુજની સતર્કતા અને ઝડપી કાર્યવાહીથી પીડિત મહિલાના ખાતામાંથી ઠગાઈથી ઉપાડાયેલા પૈકી 46 લાખ 95 હજાર થી વધુની રકમ પરત અપાવવામાં સફળતા મળી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(**ગોન્ગ મ્યુઝિક**)**

# BIS RAID

ભારતીય માનક સંસ્થા- BIS અમદાવાદ દ્વારા BIS સ્ટાન્ડર્ડ માર્ક વિના વીજ સુરક્ષા ઉપકરણ MCB અને RCCB વેચતા એકમો પર દરોડા પાડવામાં આવ્યા. નિકોલ-ઓઢવ રોડ આવેલી એક ખાનગી કંપનીમાં પાડેલા દરોડા દરમિયાન પેઢી BIS સ્ટાન્ડર્ડ માર્ક વગર અને માન્ય BIS પરવાના વિના MCB અને RCCB વેચતી હોવાનું માલૂમ પડ્યું હતું. ત્યારે આ કંપનીમાંથી 1300થી વધુ MCB ધરાવતા 166થી વધુ બોક્સ અને RCCBsના 30થી વધુ યુનિટ જપ્ત કરવામાં આવ્યા હતા.

# BHARUCH DROP OUT

ભરૂચ જિલ્લા શાળા છોડી ગયેલા બાળકો ફરી શાળાએ આવે તે માટેના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. વર્ષ-2025-26માં અને 2026-27માં કોઈ પણ બાળકના ડ્રોપ આઉટની સંભાવના અંગેનો પ્રિ સર્વે પૂર્ણ થયો છે. જેમાં 3 હજાર 254 સંભવિત ડ્રોપ આઉટ બાળકો મળી આવ્યા. ત્યારે આવા બાળકો ફરી શિક્ષણ મેળવી શકે તે માટે વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતિબા રાઓલે જણાવ્યું.

(બાઈટ : સ્વાતિબા રાઓલ-જિલ્લાશિક્ષણાધિકારી)

# GSEB MARKSHEET

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માર્કશીટ CBSE બોર્ડની માર્કશીટ જેવી બનાવશે. જેમાં હોલોગ્રામની જગ્યાએ QR કોડ હશે. ગુજરાત બોર્ડના સચિવ આર. આર. વ્યાસે જણાવ્યું હતું કે બોર્ડ દ્વારા આ વર્ષે 3 મોટા બદલાવ કરવામાં આવી રહ્યા છે. નવી માર્કશીટમાં ખાસ સિક્યુરિટી ફીચર્સ ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

# BANASKATHA AAG

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરના ચડોતર નજીક એક ભંગારના ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ગોડાઉનમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનો કચરો અને અન્ય ભંગાર હોવાના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ઘટનાની જાણ થતા જ પાલનપુર નગરપાલિકા અને ડીસા નગરપાલિકાના ચાર જેટલા ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ પર કાબુ મેળવ્યો હતો, શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

# WEATHER

રાજ્યમાં આવતીકાલથી ગરમીમાં આંશિક રાહત મળવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ત્રણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સુધી ઘટાડો નોંધાઈ શકે છે. પવનની દિશામાં ફેરફાર થવાને કારણે તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું. તેમણે ઉમેર્યું, રાજ્યમાં સૌથી વધુ તાપમાન અમદાવાદમાં નોંધાયું હતું.

(બાઇટ : પ્રદીપ શર્મા, વૈજ્ઞાનિક)

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, આજે સાંજે ધરમશાલાના ખાતે મુંબઈ ઇન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો રમાશે. આ મેચ હમણાં થોડી વારમાં શરૂ થશે. મુંબઈ ઇન્ડિયન્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

પોઇન્ટ્સ ટેબલમાં પંજાબ કિંગ્સ ચોથા જ્યારે મુંબઈ ઈન્ડીયન્સ નવમા સ્થાને છે ફાસ્ટ બોલર જશપ્રીત બુમરાહ આજે મુંબઈ ઈન્ડીયન્સનું સુકાની પદ સંભાળી રહ્યાં છે

# SURENDRANAGAR PALIKA

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં વઢવાણ ખાતે નવી શાકમાર્કેટના નિર્માણ કાર્યના ભૂમિ પૂજનનો કાર્યક્રમ યોજાયો. અંદાજે 4 કરોડ 21 લાખના ખર્ચે તૈયાર થતી આ નવી શાકમાર્કેટ વેપારીઓ તેમજ સ્થાનિક નાગરિકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે અને શહેરના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે.